Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

Civil Services (Main) Examination- 2025

SLPM-C-GJT

# ગુજરાતી / GUJARATI

**( ફરજિયાત ) / ( Compulsory )**

| સમય મર્યાદા : **ત્રણ કલાક**<br>*Time Allowed : **Three Hours*** | મહત્તમ ગુણ : **300**<br>*Maximum Marks : **300*** |
| --- | --- |

## પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

*બધા પ્રશ્નોના ઉત્તર આપવાના ફરજિયાત રહેશે.*

*પ્રશ્નનની સામે તેના ગુણ દર્શાવવામાં આવ્યા છે.*

*પ્રશ્નના ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** આપવાના રહેશે.*

*જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે, એ જાળવવાની રહેશે. નિયત શબ્દસંખ્યા કરતાં લાંબા કે ટૂંકા ઉત્તરોના ગુણ કપાશે.*

*પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈ પણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવી.*

## Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*


*The number of marks carried by a question is indicated against it.*


*Answers must be written in **GUJARATI (Gujarati script)** unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the Question-cum-Answer (QCA) Booklet must be clearly struck off.*








**CLICK LINK FOR STUDY NOTES :**

https://iasexamportal.com/study-kit/upsc-complete-study-material

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

**Q1. નીચેનામાંથી કોઈ *એક* વિશે 600 શબ્દોમાં નિબંધ લખો :** *100*

(a) જ્ઞાનપરંપરાની પ્રસ્તુતતા

(b) વિશ્વયુધ્ધનું ઘેરાતું જતું સંકટ

(c) ડિજીટલ ચૂકવણીનાં ફાયદા

(d) રમતોમાં ભારતીય સ્ત્રીઓની વધતી ભાગીદારી

**Q2. નીચેનો ગદ્યખંડને ધ્યાનપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના સ્પષ્ટ, સાચા અને સંક્ષિપ્ત ઉત્તર તમારી ભાષામાં લખો :** *12×5=60*

જૈવ-વૈવિધ્ય વિશ્વની જીવિત પ્રજાતિઓની વિવિધતા છે, જેમાં તેમની આનુવંશિક વિવિધતા અને તેમનાં દ્વારા નિર્મિત પર્યાવરણીય તંત્રના સમુહો સમાવિષ્ટ છે. આજે જીવનની આ વિવિધતા ગંભીર સંકટોનો સામનો કરી રહી છે. વૈજ્ઞાનિકો એ બાબતે એકમત છે કે ઉષ્ણકટિબંધીય વનોની હાનિ અને તેનાં વિકાસમાં વિક્ષેપનો દર જોતાં જણાશે કે આગામી એક ચતુર્થાંશ સદી દરમ્યાન પ્રત્યેક દાયકામાં પાંચથી દશ ટકા ઉષ્ણકટિબંધીય વન્ય પ્રજાતિઓ નાશ પામશે.

વિલુપ્ત થવાનું સંકટ ઉષ્ણ કટિબંધીય વનો સુધી જ સીમિત નથી. નદીઓનાં માર્ગમાં થનારાં અવરોધો અને વિદેશી પ્રજાતિઓનાં આગમનને કારણે મીઠાં પાણીનાં પ્રાકૃતિક ભંડારોમાં આશ્ચર્યજનક પરિવર્તન થઈ રહ્યુ છે. મહાસાગરીય દ્વીપ જયાં પાછલાં કેટલાંય હજાર વર્ષોમાં અધિકાંશ વિલુપ્તી થઈ છે, તે ધરતી પરનાં સૌથી વધારે જોખમ ધરાવતાં પર્યાવરણીય તંત્રોમાંથી એક છે.

પ્રજાતિઓ અને આનુવંશિક વૈવિધ્યને થતી, હાનિ, પ્રાકૃતિક વસવાટ અને પર્યાવરણીય તંત્રની અવનતિની વર્તમાન પેઢી ઉપરાંત તમામ-ભાવિ પેઢીઓએ ઘણી મોટી કિંમત ચૂકવવી પડશે. આજે લુપ્ત પ્રાય પ્રજાતિઓનાં મૂળમાં અજાણ્યાં ખાદ્યપદાર્થો, તબીબી ક્ષેત્ર અને ઔદ્યોગિકરણ છે. પર્યાવરણીય તંત્ર માનવ જનસંખ્યાના સંરક્ષણની પોતાની ક્ષમતા ગુમાવી રહયાં છે અને તેમની અવનતિ, જમીનનું ધોવાણ, જળાશયોની ખારાશ, સ્થાનિક જલવાયુ પરિવર્તન, મરુસ્થળીકરણ અને ઉત્પાદકતાની અછતને કારણે ઘણી મોટી કિંમત ચૂકવવી પડે છે.



Download FREE UPSC E-BOOKS FREE! CLICK HERE

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

જૈવિક સંસાધનોનાં મૂલ્ય નિર્ધારીત કરવા મુખ્યત્વે ત્રણ દૃષ્ટિકોણનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઉપભોગ-ઉપભોગ મૂલ્યાંકન અંતર્ગત ઈંધણનાં લાકડાં, ઘાસચારો, શિકાર કરેલાં પ્રાણીનું માંસ જેવાં સંસાધનોનાં મૂલ્યનું આકલન કરવાનું કાર્ય સમાવિષ્ટ છે. જેનો ઉપયોગ બજાર વગર થાય છે. ઉત્પાદક-આ મૂલ્યાંકનમાં એવાં ઉત્પાદનોનાં મૂલ્યનું આકલન કરવાનું કાર્ય સમાવિષ્ટ છે જેને વ્યાપારિક દૃષ્ટિએ કાપવામાં અને વેચવામાં આવે છે, જેવાં કે લાકડી, માછલી, માંસ, મધ અને ઔષધીય છોડવાં વગેરે. બીનઉપભોકતા મૂલ્યાંકનમાં પર્યાવરણીય તંત્રોનાં કાર્યો જેવાં કે જળસંચયક્ષેત્ર સંરક્ષણ, પ્રકાશ-સંશ્લેષણ, જલવાયુ નિયમન અને માટીનાં ઉત્પાદનનાં પ્રત્યક્ષ મૂલ્યોનું આકલન કરવાનું સમાવિષ્ટ છે. આ સાથે એક વાતનો સંતોષ છે કે કેટલીક પ્રજાતિઓ બચી છે.

ઘણું ઘરું, નીતિ-નિર્માતાઓ ઉત્પાદન, ઉપયોગ મૂલ્યોની ઉંચી કિંમત આંકે છે, કારણ કે તે વનસંવર્ધન અને મત્સ્યપાલન જેવાં મોટાં ઉધોગો સાથે સંબંધ ધરાવે છે જે બજારો સાથે જોડાયેલાં હોવાને કારણે રાષ્ટ્રીય આવકમાં પરિલક્ષીત હોય છે.

(a) જૈવ વિવિધતાનો શો અર્થ છે ? *12*

(b) વિલુપ્તતા સંકટ એટલે શું ? *12*

(c) પ્રજાતિઓ અને આનુવંશિક વિવિધતાની હાનિનાં કયા ભયસ્થાનો છે ? *12*

(d) બીનઉપભોગ-ઉપયોગ મૂલ્યાંકનનો આશય સ્પષ્ટ કરો. *12*

(e) નીતિ-નિર્માતાઓ દ્વારા કયા મૂલ્યાંકનને સૌથી વધારે મહત્ત્વ આપવામાં આવે છે ? શા માટે ? *12*

**Q3. નીચેનાં ગધખંડનું સંક્ષેપીકરણ લગભગ એક-તૃતીયાંશ શબ્દોમાં, તમારા શબ્દોમાં કરો. શીર્ષક આપવાની જરૂર નથી.** *60*

જો આપણે જાણવું હોય કે પ્રસન્નતા શું છે તો આપણે એને કાલ્પનિક વિશ્વમાં નહીં પરંતુ સમૃધ્ધ અને પૂર્ણપણે સારું જીવન જીવતાં માણસોનાં જીવનમાંથી તેનો અર્થ શોધવો પડશે. જો તમે ખરેખર એક પ્રસન્ન વ્યક્તિને જોશો તો તમને જણાશે કે એ હોડી બનાવે છે, ગીતો રચે છે, એના દીકરાને ભણાવે છે, પોતાનાં બગીચામાં સુંદર પુષ્પોનાં છોડ વાવે છે. એ માણસ – પ્રસન્નતાને ક્યારેક પ્રસંગોપાત જ મળનારી દુર્લભ વસ્તુરૂપે નહીં શોધે. એ જાણતો હશે કે પોતે દિવસના ચોવીસે કલાક કામમાં રચ્યાં પચ્યાં રહેવાં દરમ્યાન પણ પ્રસન્ન છે.



Download FREE UPSC E-BOOKS FREE! CLICK HERE

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

કોઈપણ વ્યક્તિ એવાં કાર્યોમાં પ્રસન્ન ના રહી શકે જે પૂર્ણપણે એનાં પોતાનાં વ્યક્તિત્ત્વ પર કેન્દ્રીત હોય અને માત્ર એની પોતાની જરૂરિયાત પૂરી કરવા માટે કરાતાં હોય. આ રીતે કોઈપણ વ્યક્તિ એવાં સામાજિક સંબંધોમાં પૂર્ણતઃ પ્રસન્ન રહી શકતો નથી જે માત્ર પોતાની જાત, એનાં પૂરતી જ મર્યાદિત નિસ્બત અને સંકુચિત ચોકા સુધી જ કેન્દ્રીત હોય. પ્રસન્નતા મેળવવા આપણે એને આપણી જાતના મર્યાદિત ચોકાની બહાર શોધવી પડશે.

જો તમે માત્ર પોતાને માટે જ જીવતા હોવ તો તમે કાયમ પોતાના વિચારો અને રુચિના મૃત્યુ જેવાં ઘેરાના ભયમાં રહો છો. મહત્તમ માનવીય-પ્રસન્નતાની એક તક પસંદ કરો અને તમારી જાતને એની સાથે જોડી દો. કોઈપણ વ્યક્તિ જયાં સુધી પોતાના અહમને પોતાના સાથી માનવોની સેવામાં સમર્પિત નથી કરતો ત્યાં સુધી જીવનના અર્થને પામી શકતો નથી. જો તમને પોતાની મહત્ત્વકાંક્ષાઓનું ગૌરવ છે તો એનાં લક્ષ્યની એક માનસિક યાદી બનાવો. તમારી જાતને પૂછો કે શું તમે એ લક્ષ્યોને સિધ્ધ કરવા ઈચ્છો છો અને આનંદિત રહેવાની તકોને જતી કરવા માગો છો કે પછી તમે ખુશ રહેવાનું પસંદ કરી પોતાની અહમ અર્જિત પ્રતિષ્ઠાને જતી કરવા ઈચ્છો છો ?

જે લોકો અત્યંત પ્રસન્નતા અને અતિશય સફળતા ઈચ્છે છે એમનાં માટે જીવનનું એકમાત્ર તત્ત્વચિંતન હોઈ શકે છે, રચનાત્મક પરોપકારનું તત્ત્વચિંતન. એક ખરો પ્રસન્ન વ્યક્તિ હમેશા સંઘર્ષપ્રવૃત્ત આશાવાદી હોય છે. આશાવાદ અંતર્ગત માત્ર પરોપકારીતા જ નહીં પરંતુ સામાજિક જવાબદારી, સામાજિક સાહસ અને વસ્તુનિષ્ઠતા પણ સમાવિષ્ટ છે આ શ્રેણીમાં આવનારાં એ સ્ત્રી-પુરુષો છે જે જીવનનો દૃઢપણે સ્વીકાર કરે છે, વયસ્ક-વ્યક્તિની જેમ વાસ્તવિકતાનો મુકાબલો કરે છે, કપરી પરિસ્થિતિઓનો સામનો ધીરજથી કરે છે. પોતાના જીવનને ઉત્સાહથી હાસ્યની ભાવના સાથે જોડે છે. એક શબ્દમાં કહીએ તેઓ 'પૂર્ણ માનવ' છે. શ્રેષ્ઠજીવન સતત પરોપકારનાં ક્રિયાશીલ ચિંતનની માંગ કરે છે. આ જ સંતોષકારક જીવન છે અને માનવ રહીને પણ પ્રસન્ન રહેવાનો એકમેવ માર્ગ છે.

પ્રસન્નતાનાં તત્ત્વો આંગળીને વેઢે ગણાય તેવાં સરળ છે. પ્રસન્નતા ભીતરથી આવે છે અને એસરળ સારપ તેમજ નિર્મળ-અંતરાત્માને આવરીને રહે છે. એને માટે ધર્મ આવશ્યક નથી પરંતુ કોઈએ પણ નૈતિક સિધ્ધાંતો પર આધારિત ચિંતન વિના એને પ્રાપ્ત કરી હોય એવું બન્યુ નથી. સ્વાર્થ એનો શત્રુ છે. અન્યના આનંદમાં જ નિજનો આનંદ છે. જે આ ભીડમાં એક લાંબા સમય સુધી જવલ્લે જ પ્રાપ્ત થઈ શકે છે. એકાંત અને ચિંતનની પળોમાં તેને સરળતાથી પામી શકાય છે. તેને ખરીદી શકાતો નથી, વાસ્તવમાં પૈસા સાથે એને નહીંવત લેવાં દેવાં છે.


Download FREE UPSC E-BOOKS FREE! CLICK HERE

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

કોઈપણ વ્યક્તિ ત્યાં સુધી સુખી ન થઈ શકે જયાં સુધી એ પોતે પોતાની જાતથી યથોચિત્તરૂપે સંતુષ્ટ ન હોય, તેથી શાંતિની શોધ અનિવાર્યપણે આત્મવિશ્લેષણ આરંભાવી જોઈએ. કરવા જેવું ઘણું કામ છે, પણ ઘણું ઓછું કામ થયું છે. જો કે આ ગહન આત્મવિશ્લેષણ એ ગુણોની શોધ પર આધાર રાખે છે જે પ્રત્યેક વ્યક્તિને અપ્રતિમ બનાવે છે જેનો વિકાસ માત્ર સંતુષ્ટિ આપી શકે છે. તેથી જો કોઈને સુખી થવાનું આયોજન કરવું હોય તો તે હશે 'સીમિત' સાધનો વડે પણ સંતુષ્ટ રહેવું. વિલાસીતાને બદલે શિષ્ટતાની ખોજ કરવી, વૈભવી ઠાઠ-માઠને બદલે સંસ્કારીતા વિકસાવવી, યોગ્ય કાર્યોકરવાં, પરિશ્રમપૂર્ણ અધ્યયન કરવું, શાંતિથી ચિંતન કરવું, મધુર વાણી બોલવી, સ્પષ્ટ રીતે કાર્ય કરવું, નક્ષત્રો અને પક્ષીઓ, બાળકો અને ઋષિઓને મુક્ત મને સાંભળવા, બધું જ હસતે મોઢે સહન કરવું, બધું જ સાહસપૂર્વક કરવું અને આધ્યાત્મિક, અનપેક્ષિત તથા અચેતનને સામાન્યજીવન દરમ્યાન વિકસીત થવા દેવું. એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે કોઈપણ સરકાર તમારે માટે આ નહીં કરી શકે આ તમારે પોતે જ તમારી પોતાની જાત માટે કરવું પડશે.

*(598 શબ્દો)*

**Q4. નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો :** **20**

સમગ્ર વિશ્વમાં આતંકવાદ માનવતા માટે સૌથી મોટો ભય બન્યો છે. અમેરિકા, ભારત, ઈઝરાયલ વગેરે દેશ આતંકવાદના ભરડામાંથી છૂટવા સંઘર્ષરત છે. પરંતુ આ ભીંસ નિરંતર વધતી રહી છે. અવાર નવાર વર્તમાન પત્રોમાં મોટાં મોટાં અક્ષરે આતંકવાદીઓની ધૃણાસ્પદ કરતૂતો છપાતી રહે છે. દિવસનો આરંભ આ જ ભયાવહ-સમાચારો સાથે થાય છે. આ લોકો પોતાનાં સ્વાર્થને ખાતર કોણ જાણે કેટલાંય નિર્દોષોનો બલિ ચઢાવે છે.

સ્વતંત્રતા પછી કેટલાંક લોકોએ વિદેશી તાકતોના દુષ્પ્રભાવમાં આવી ભારતમાં આતંકવાદનાં બીજ વાવી દીધાં હતાં. હવે એનાં મૂળિયાં સમગ્ર દેશમાં એવી રીતે ફેલાયાં છે કે પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક થઈ ગઈ છે. કાશ્મીરમાં આતંકવાદ એનાં ભયાનકરૂપે અસ્તિત્વમાન છે. ત્યાંનાં મૂળ નિવાસી હવે શરણાર્થીઓની માફક રહે છે. ત્યાં પ્રત્યેક દિવસ ભયના પડછાયામાં પસાર થાય છે કે કોણ જાણે આજે શું થશે ? માત્ર કાશ્મીર જ નહીં, આસામ, બંગાળ, નાગાલેન્ડ વગેરે પ્રદેશોને પણ આતંકવાદીઓએ ભયગ્રસ્ત કર્યાં છે. આ બધાં પ્રદેશોમાં કાયદા વ્યવસ્થા પડકારપૂર્ણ બની ગઈ છે. સેના અને પોલિસ આ સમસ્યાને


Download FREE UPSC E-BOOKS FREE! CLICK HERE

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

દેશમાંથી નિર્મૂળ કરવા જીવ હથેળીમાં રાખી પ્રવૃત્ત થઈ છે. આતંકવાદને નાથવા સરકાર કેટલાંય પ્રયત્નો કરે છે પણ જનસાધારણનો સહયોગ પણ આવશ્યક છે. જો સહુ પોતાનાં નિજી, ધાર્મિક સ્વાર્થો અને પ્રાદેશિકતાને ત્યાગી ભારતવાસી બનીને રહેશે તો આ સમસ્યાનો કાયમ માટે અંત આવી, શકે તેમ છે. કોઈ પણ સાચો માણસ અન્ય માણસને કદી હાનિ પહોંચાડી શકે નહીં, કારણ કે આતંકવાદ પશુતા છે. બધાંએ એકમત અને સંગઠીત થઈને આ સમસ્યાને વિશ્વમાંથી નામશેષ કરવામાં સહયોગ આપવો જોઈએ અને વિશ્વમાં શાંતિ અને સૌહાર્દની ભાવના દૃઢ કરવી જોઈએ. ત્યારે જ દેશ અને સમાજ પ્રગતિની દિશામાં પૂર્ણપણે અગેસર થઈ શકશે.

**Q5. નિમ્નલિખિત ગદ્યાંશનો ગુજરાતીમાં અનુવાદ કરો :** *20*

Healthy children are an essential component of an effective education system. Good health reduces absenteeism and dropouts and increases scholastic performance. An effective school health programme is one of the most cost-effective approaches in improving community health. School health activities contribute to healthy lifestyles, thus leading to a healthy future generation. School children also communicate the health-related information gained in schools to their families and neighbourhood, contributing to improved family and community health. The functions of school health services include detection and treatment of defects, creation and maintenance of hygienic environment in and around the school, provision of school meals, and improvement of nutritional status of children. This may be further enlarged to include health check-ups and immunisation campaigns.

**Q6. (a) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોજો.** *2×5=10*

(i) કજિયાનું મૂળ હાંસીને રોગનું મૂળ ખાંસી *2*

(ii) આંધળે બહેરૂં કુટાવું *2*

(iii) છેડે ગાંઠ વાળવી *2*

(iv) ગાંડી સાસરે ન જાય ને ડાહીને શીખામણ આપે *2*

(v) પાશેરામાં પહેલી પૂણી *2*



Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

(b) **શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** *1×5=5*

(i) છાતીમાં ભરાતી લાગણીનો આવેશ *1*

(ii) હથેળીમાં સમાય એટલું *1*

(iii) યુધ્ધે ચડેલો વીરાંગના *1*

(iv) જાતે રાંધીને ખાવું *1*

(v) સાંજનું ભોજન *1*

(c) **નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો આપો.** *1×5=5*

(i) અગ્ર *1*

(ii) ઉત્થાન *1*

(iii) નેકી *1*

(iv) કૃતજ્ઞ *1*

(v) સાપેક્ષ *1*

(d) **નીચેના શબ્દોની જોડણી સુધારો.** *1×5=5*

(i) ઊપાજીર્ત *1*

(ii) વાતુડીયૂ *1*

(iii) કીવદંતિ *1*

(iv) છુંદણુ *1*

(v) શીક્ષીકા *1*

(e) **નીચેના શબ્દોના સમાનાર્થી/પર્યાયવાચી શબ્દો આપો.** *1×5=5*

(i) અરિ *1*

(ii) છાનું *1*

(iii) મનોહર *1*

(iv) ભાઈબંધી *1*


(v) લલિત *1*





# IAS MAINS G.S.
# SOLVED PAPERS

- Medium: English
- Pages: 750+
- PDF File Download Link via Email




PDF

CLICK HERE

100% SAFE

**CLICK LINK FOR EBOOK :**

https://iasexamportal.com/ebook/upsc-mains-general-studies-solved-papers

Get Printed Study Notes for UPSC Exam - https://iasexamportal.com/notes

(f) **નીચેની કહેવતોનો અર્થ આપો.** *2×5=10*

(i) કક્કો ભણી કોઇ પંડિત ન થાય 2

(ii) ટાઢા પાણીએ ખસ ગઈ 2

(iii) ગામના મોઢે ગળણું ન બંધાય 2

(iv) ખાટલે ખાટલે સળેકમ 2

(v) બારે બુધ્ધિ, સોળે જ્ઞાન આવ્યા તો આવ્યા નહિ તો પથ્થર પહાણ 2



